
રૂપાવળી.

૨૨૦૬

કવિ. દલપતરામ ડાહ્યાભાઈની

બનાવેલી તે



અમદાવાદમાં

પાનકોરને નાકે બક્યાજમાદારની હવેલીમાં

"સમશેર બાહાદુર" છાપખાનામાં

સવાઈભાઈ રાયચંદ છાપી

પ્રસિધ્ધ કરી.

સંવત ૧૯૪૦—સને ૧૮૮૪

કીમત રૂ૦—૨—૦

ગરબા વળી.

ચાલ વિશે ગરબી.

ચાલો તમે ચાલ ઘણી રૂડી;
મુકી દેવી વાંણી હોય ભુંડી. ચાલો૦ ૧
રમવું તો ડાહ્યાની સાથે;
કે કજીઓ નહી આવે માથે. ચાલો૦ ૨
વસ્ત્ર વગરનાં નહી ફરીએ,
મા બાપનું બોલ્યું મન ધરીએ. ચાલો૦ ૩
ભુંડી પાળી સાથે નહી રમીએ;
બોલેલું વાહાલાનું ખમીએ. ચાલો૦ ૪
બીજા જેવું કંઇ લેવા માટે,
ન લડીએ મોટાની સાથે. ચાલો૦ ૫
સાચું બોલે તે સારી;
જુઠેતો દુખ થાશે ભારી. ચાલો૦ ૬
વીદ્યા ભણસે તે સારી;
તેના પર જઇએ બલીહારી. ચાલો૦ ૭
ધંધા વગરનાં નહી ફરીએ;
મેહેતાજીની શીક્ષા મન ધરીએ, ચાલો૦ ૮

છોડીઓને ભણવા વીશે ગરબી.

બેહેનો તમે ભાવ સહિત ભણજો,
ગાંડા લોકો નિંદેતે નવ ગણજો. બેહેનો૦ ૧
ભણે તેતો ભગવંતને ભાવે;
એથી દીલ જ્ઞાન અધીક આવે બેહેનો બેહે૦
તજી અવગુણ સદગુણ લાવે;

ભણે તેતો અપજસથી ભાગે, બેહેનો ૩
જેને ઘણી લાજનો ખપ જાગે
મોટી સતીઓનું પદ માગે, બેહેનો ૪
દુરાચાર હોય ન ભણે તેમાં;
જગીયા જુઓ કદી રહે જેમાં
અધિકતો અભણ હશે એમાં, બેહેનો. ૫
ભણેલી હતી રૂકમણી રાણી;
મીરાંબાઈ મુલકમાં વખાણાઈ,
જેની કવિતા જગ સહુ જાણી બેહેનો ૬
પ્રીયાને પાપ ભણે લાગે,
એવું કોઈ લખી ન ગયા આગે;
મોઢે બોલનારા જુતી માગે બેહેનો ૭
ભણ્યા વીના કયાંથી અકલ આણે,
નીતીની રીતી તે કેમ જાણે;
ભણ્યા વિના જન પશુ પ્રમાણે, બેહેનો ૮
ભણી ગણી નાગરની નારી,
શી રીતે નહી કહીએ સારી,
ચતુર લેજો ચીતમાં વિચારી. બેહેનો ૯
ભણો તમે આળસ શ્રમ છોડી
થશે તેથી લાજ નહી થોડી
કહે દલપતરામ બે કરજોડી બેહેનો ૧૦

ગોરયો વિશે ગરબી. ૩

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે એ રાગ
અમદાવાદ નામે આજ સેહેરછે સારૂરે,
કંપની કેરૂ રાજ, પ્રજાને પ્યારૂરે,

ચહુટા વચ્ચે માણુકચોક શોભા સારીરે;
વસે લક્ષાધીપતી બહુ લોક વડા વેપારીરે.
નદી સાબરમતી વહે નીર સેહેર સમીપેરે,
દેવતાઓનાં તેને તીર દેવળ દીપેરે, ૩
એવી જુગતીઓ જોતાં અનેક મન લાગે મીઠુરે
પણ અચરત મોટુ એક દ્રસટીએ દીઠુંરે ૪
તીથી તીરશો પેહેલે પક્ષ અષાડી આવેરે
તારે ગોરય પુજવાનો લક્ષ છોડીઓ લાવેરે. ૫
પાંચ દીન લગી એક અન મોળુ જમેછેરે,
મે હોટો હરખ ધરીને મન, રોજ રમેછેરે; ૬
પુજે વાવી જવેરા ઘેર ગોરય રીઝાવારે
જાય પ્રીતે મળી બહુ પેર, નદીએ નાહાવારે ૭
અન્યો અન્ય કરેછે ઉદમાત નઠારૂ બકેછેરે;
ગઇ ગોરય પુજાની વાત છાકી છકેછેરે
જેવી હોય હોળીની ગેર એથી અતીશેરે;
બોલે ભડવાની પુતરીઓ પેર દુસટ તયાં દીસેરે; ૯
તેના માત પીતાને ભરાત પુરા હશે પાજીરે.
જયારે સાંભળતા હશે વાત હશે રાજીરે ૧૦
ક્રોધ સાહેબ હેવી વાત દેખે એ રીતેરે
તેના માત પીતાની જાત પુછેછે પ્રીતેરે ૧૧
તારે કેવી વધેછે લાજ મળે સાબારીરે,
એવા નીરલજ લોકો આજ શેહેરના વાશીરે
કરૂં વીનતી સમ ચારપતર શાણુ ધરજેરે;
તેનાં નામ લખો સરવસાર જાહેર કરજે;
ઘણી નીંદયા લખજે શલોક દેખાડજે નીતીરે
તેથી લાજ પામે એ લોક તજે તે રીતીરે ૧૨

હવે કહુછુ જોડીને હાથ વીવેકીને ગમવારે;
એવી નીલજ છોડીઓ સાથ જાવું ન રમવારે ૧૫
લઈને ગોરય પુજાનું નામ કીમ એ કરવુંરે;
મોટુ પાપ ઠરે ઠામ દીલમાં ડરવુરે; ૧૬
ધરી મોટો હરખ મનમાંહીં વરત દીન જોઈરે
પણ કુટયા રોવાનું કાંઇ ન કરવું તે દીરે
છોટાપણમાં પડે જે ટેવ ટળે નહી ટાળીરે;
માટે નીતી શીખો તતખેવ બોલો સંભારી; ૧૮
કદી પુરીએ નહી કાંઇ સાહેદી જુઠીરે.
લેઇએ પરમેશરનું નામ પ્રભાતે ઉઠીરે ૧૯
મતો ગાત પીતાની શેવ કોડે કીજેરે;
જેથી દલપતરાંમનો દેવ દીલમાં રીઝેરે ૨૦

અચકો મચકો કારેલી એ રાગની

સુંદરબાઇ ચાલ્યાં સાસરીયે;
મા બાપ શીખામણ આપે-બેહેન લાજ વધારજો લાખેણી.
નીચા કુળની નીરલજ નારી,
ભરથારનુ વેણ ઊથાપે બેહેન; લાજ૦ ૧
સાસુજી કહે તે સાંભળજો;
કોઇની વડવાડ ન કરશો બેહેન. લાજ૦ ૨
સાંખી રેહેજો શઊનુ બોલ્યુ;
અભિમાન અંતર નવ ધરશો બેહેન. લાજ૦ ૩
ઘરમાં બેઠાં ધંધો કરીએ;
પર ઘેર ઘણુ નવ જઇએ બેહેન. લાજ૦ ૪
તમે ભણયાં ગણયાં બહુ ડાહયાંછો;
તમને ઝાઝુ શું કહીએ બેહેન. લાજ૦ ૫

મેલાં ઘેલાં તે નવ રહીએ;
ચટકા મટકા નવ કરીએ બેહેન. લાજ૦ ૬
કાંઈ વાત કરે વાંસે લોકો;
એવું કદીએ ન આચરીએ બેહેન. લાજ૦ ૭
જે સપુતછે સારી છોડી;
માબાપનીલાજ વધારે બેહેન. લાજ૦ ૮
મણી લોહ તણુ સોનુ કરશે;
સોબતીને એમ સુધારે બેહેન. લાજ૦ ૯
જે સંપ સગાંથી તોડેછે;
તે કોઈતાર હાથ ઘસેછે બેહેન. લાજ૦ ૧૦
જે સઊનુ શારૂ ઇછેછે;
તેના દીલમાં દેવ વસેછે બેહેન. લાજ૦ ૧૧

સજનીને શિખામણની ગરબી ૫
'કંઈક ન કરીએજી' એ રાગની.

સાંભળ બેહેન શીખામણ શારી; તે છે સાતર તારીજીરે.
સુખ સંપતી સત કીરતી શારૂ માનીશ વાત અમારી;
સુણજો શજનીજીરે. ૧
રાજ સઘળાથી પેહેલાં જાગો પ્રીત સહીત પ્રભાતેજીરે;
આળશને તો મેલો અળગી વળગી ન રહો વાતે. સુ૦ ૨
પ્રારથના પરમેશ્વરની કરી ઘર ધંધામાં ધશીએજીરે;
જ્યાં સુણીએ ઉપદેશાજ ઉલટો તાંહાં નહી વાસો વશીએ. સુ
જે નારી વટકારી નઠારી લડશે લાજ વીશારીજીરે;
તો તેનાથી તુરતજ પાછા હઠીએ હીમત હારી. શુ૦ ૪
લટક ચટકની ચંચળ ચાલે ચઉટામાં નહી ચાલોજીરે;
સદા ચરણ વીના સુવરણનો ઠાઠ ન ઠાશીએ ઠાલો. સુ૦ ૫
પાંણી પહેલી પાળો બાંધીએ ભણીએ ગણીએ ભાવેજીરે;

ખુબ કરજની ખાણુ ન ખાણીએ જે થકી નીંદ્રા ન આવે.સુ૦
આવકનો આડસટો જોઇએ જાવક કરીએ જાણીજીરે;
આવકથી અદકુ ખરચે ઘર પોતાની નીશાની. સુ૦ ૭
દીલમાં થઇ મગરૂર ન ડોલે બોલ ન બોલે ખળમાંજીરે;
મ.ટે ન ઘટે અભીમાન ધરયાથી ઘટે પ્રતીશાટા પલમાં સુ૦૮
નમ્રપણામાં અમૃત સરખો સવાદ વસેછે સારોજીરે;
મગરૂરીમાં રસ નહી મીઠો ખાટો તીખો ખારો. સુ૦ ૯
હરખ હમેશ હઇયામાં ધરીએ કદીએ કલેશ ન કરીએજીરે;
માણસનુ જીવતરછે મોઘુ જડે ન નાણે જરીએ. શુ૦ ૧૦
સુધરેલી સુંદરીઓ સાથે નામ ગણાએજે નુજીરે;
દલપતરામ કહે દુનીઆમાં ધનધન જીવતર તેનું. સુ૦ ૧૧

ઘેલી મુસાફરની ગરબી. ૬

" સમી શાંજના ચોર છુપાયારે લઇ બામણીયા " એ રાગ;
એક હતી મુસાફર ઘેલીરે સુણો સાહેલીઓ
તેની આગળ એક તપેલીરે સુણો સાહેલીયો. ૧
ગઇ રાતની રાખી એઠીરે સુણો શાહેલીયો;
ઉઠી પરભાતે માંજવા બેઠીરે સુણો સાહેલીયો
ઘણી રીતે ઘસી ઘસી થાકીરે સુણો શાહેલીઓ; ૨
બહુ ડાઘા રહ્યા તોઅ બાકીરે સુણો શાડેલીયો
પુરી રીસે તપેલી ઊપાડીરે સુણો શાહેલીયો; ૩
શામી ભીંતની શાથે પછાડીરે સુણો શાહેલીઓ
લઇ પથરો તપેલીકુટીરે શુણો શાહેલી;
પડયા કાંટાં તપેલીતો ફુટીરે સુણો સાહેલીયો. ૫
થયા બપોર ભુખતો લાગીરે સુણો સાહેલીઓ
પછીવાસણ માગવા લાગીરે સુણો સાહેલીયો ૬

એને બાંસળું આપે ન કોઇરે સુણો સાહેલીયો
પછી રાગ તાણી ધણું રોઇરે સુણો શાહેલીયો ૭
તોય થઇ ન તપેલીતો સાજીરે સુણો સાહેલીયો
હસે લોકને તે મરે લાજીરે સુણો સાહેલીયો ૮
જેથી સ્વારથ આપણો જરીયેરે સુણો સાહેલીયો
તેના ઊપર ક્રોધ ન કરીયેરે સુણો સાહેલીયો ૯
લાત દુઝતી ગાયની ખમીયેરે સુણો સાહેલીયો
તેને તજીએ તો દુધ ક્યાં જમીએરે સુણો સાહેલીયો ૧૦
કોઇની સાથે ટુકારે ન લડીએરે સુણો સાહેલીયો
એમાં આપણે હલકાં પડીએરે સુણો સાહેલીયો ૧૧
સખી ચાલે તે મન ન મોટુંરે સુણો સાહેલીયો,
દલે સાચુ માનો નથી ખોટુંરે સુણો સાહેલીયો ૧૨

ફુલણજીનો ગરબો ૭

વાલા તમારી જોઇને રહીછું વાટરે વાલાજી
ફુલણજી તમે ફુલાણા કેમ ફુલારે ફુલણજી.
આ ઊપજ ખરચનો અડસટો કેમ ભુલ્યા મારા ફુલણજી
કરજ કરીને વરા ભલા તમે કીધારે ફુલણજી
આ ગરથ પરાયા ખરચીને જસ લીધા મારા ફુલણજી ૨
આ ઘર વેચીને ઘી સાકર તો લીધારે ફુલણજી
આ જમણ સરસા સામો વડીઆથી કીધાં મારા ફુલણજી ૩
પીતાંબર પેહેરીને પંગતમાં ફરીઆરે ફુલણજી
આ મનમાં ફુલ કરી મુછ કર ધરીઆ મારા ફુલણજી ૪
બળતો દીવસ થયો કે માગે નાણારે ફુલણજી.
આ નાણાનાતો ન મળે કાઇ ઠેકાણા મારા ફુલણજી ૫
આ ફુલણજી ઊપર અરજી થઇ તીયાંથીરે ફુલણજી
આ જપત થઇ મીલકત કાઢ્યા ઘરમાંથી મારા ફુલણજી

ફુલણજી તમને જેણે ફુલાવ્યારે ફુલણજી
આ વખતે કોઇ મદદ કરવા ન આવ્યા માગ ફુલણજી ૭
ફુલણજીતો કુવો સોધવા ચાલ્યારે ફુલણજી
આ ગરથ વીના તે અફીણ ન કેઇએ આલ્યાં મારા૦ ૮
જમતી વખત વખાણ ભલા જે કરતારે ફુલણજી;
આ એ સઉ હાસ્ય કરી નીંદા ઓચરતા મારા૦ ૯
આ અવસરતો અધીક વખાણી ચડાવ્યારે ફુલણજી,
પણ આ અવસર તો બેવકુફ બનાવ્યા મારા૦ ૧૦
પેહેરયાં પટકુળ ને બાંધ્યા ચંદરવારે ફુલણજી;
આ ઘર ખાળીને ચાલ્યા તીરથ કરવા મારા૦ ૧૧
ફુલણજીની રાંડ રૂવે મોં વાળીરે ફુલણજી;
આ ફુલણજી શીધાવ્યા ટેકા ટાળી મારા ફુલણજી. ૧૨
ભોળાને નરસી શીખામણ દેશેરે ફુલણજી.
તે નીસાસાનું પાપ ઘણું શીર લેશે મારા ફુલણજી, ૧૩
દીલમાં દલપતની શીખામણ ધરજોરે ફુલણજી;
તો કરજ કરીને નાત વરા નવ કરજો મારા ફુલણજી. ૧૪

શીયળ વીશે ગરબી.

શીયળ તણો મહીમા બહુ મોટો, ખોટો નથી ખરોછેજીરે;
વેદ પુરાન કુરાન કીતાબે, અધીક અધીક ઊચરયાછે સુણજો
રાજનોરે- ૧
શીયળ વીના સદગુણ સગળાથી, જરી નહી સોભાવેજીરે;
પાઘડી પહેરી પામરી ઓઢી, ન સોભે નાગો બાવો. સુ.૨
હાંડી જમરૂખ તખતા માંડી, શોભાવ્યુ ઘર સારૂજીરે;
દીવા વીના અંધારા ઘરમાં, સઉ દેખે અંધારૂ. સુ. ૩
સરવે અંગે સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યુજીરે;
તેમાં એક છીદર પડયું તો, તરીને તેડ આવ્યું. સુ.

પરમેશવરનુ ખહાનુ પકડે, શીયળ ન પાળે સાચુજીરે;
કવાત પીએને કરીન પાળે, તો જીગ્નાનુ કાચું. સુ૦ ૫
પુન દાન કે પ્રારથનાથી, જારી પાપ નહી જાશેજીરે;
લાંચ શીપારશ લેશ ન ચાલે, પરમેસવરની પાસે. શુ. ૬
જો બાળપણથી ડાહાપણમાં, ખાંપણ ખોડ મળશેજીરે;
ખુઢાપણ આપણને આવે, તોપણ તે નહી ટળશે. શુ૦ ૭
શીયળ થકી સંપુરણ થાસે, પરમેશવરની પ્રીતીજીરે;
દલપતરામ કહે દુનીઆમાં, શુખદાયક શુભ નીતી. ૮

સ્ત્રીને ભણવા વિશે ગરખી. ૯.

તમે ભણો ભલીભાત બાઇ હિંદુવાણી,
રહો શુખી દીન રાત બાઇ હિંદુવાણી;
જેથી દુશ્ટ ખુધી જાય બાઇ હિંદુવાણી,
સઊગી સારી ખુધી થાય બાઇ હિંદુવાણી;
રાખો સંપ સગાં માંહી બાઇ હિંદુવાણી.
નહી કલેશ કરો કાંઇ બાઇ હિંદુવાણી.
શુખ સંપમાં સદાય બાઇ હિંદવાણી,
ગુણવંત એમ ગાય બાઈ હિંદુવાણી;
શાખો સારાં કામકાજ બાઇ હિંદવાણી,
વધે લાજ લોક માંહી બાઇ હિંદવાણી;
તજી પીયરમાં નીતી બાઇ હિંદવાણી,
રહો સાસરે શુ રીતી બાઇ હિંદુવાણી.
કાંઇ કરો કાઇ બોધ બાઈ હિંદુવાણી,
સુણી કીજીએ ન કરોધ બાઇ હિંદવાણી.
જાજે અકલ અભેય બાઇ હિંદવાણી,
દલપતરામ કરા દેવ બાઇ હિંદવાણી,

સાત વારનાં વખાણ. ૧૦

ભજીએ ભાવે ભગવાનને, તજીએ તુછ સંગાથ,
સજીએ સામગ્રી સ્વરગની, છજીએ આપણે છે હાથ,
ભજીએ ભાવે ભગવાનને. ૧
આદીત ઊગ્યો આકાશમાં, કાઇ જન કહેશે આફ તાફ;
જુઠો જરૂર ન જાણીએ, મતલબ સુરજ સાફ.
ભજીએ ભાવે ભગવાનને. ૨
સોમ શશીખા શીતળ બને, ધીમ ધખંતા જે હોય.
સમજણ પામે જો શાસતરની, ક્લેશ ન પામે દીન કોય.
ભજીએ ભાવે ભગવાનને. ૩
મંગળ ચહે સઊ મનુશનું, આપણું મંગળ થાય;
નરસે નરશું ફળ પામીએ, એવું સમજીએ સદાય,
ભજીએ ભાવે ભગવંતને. ૪
બુધજન બુધી આતી સુધથી, કરી શુભ રીતી વીચાર,
પ્રીતી રાખે પરી બ્રહ્મમાં, જેછે જગનો કીરતાર
ભજીએ ભાવે ભગવંતને. ૫
ગુરૂજન બીજે ગુણ આપતાં, જરીએ કરીએ નહી શોક,
ધરીએ વિદ્યા નાંત નીત નવી ફરીએ હરીએ નહી ફોક.
ભજીએ ભાવે ભગવાનને. ૬
શું કરવા લડીએ લોકથી, ચડીએ પાધરી વાટ,
બડીએ દીવશ ન બેસીએ, બડીએ વીદીયાના માટ;
ભજીએ ભાવે ભગવંતને. ૭
શનીશવર થઇએ હરી સ્મરણમાં, તેવી રાખીએ ટેવ,
કઠણ સમે આવે કામમાં, દલપતરામનો દેવ.
ભજીએ ભાવે ભગવાનને. ૮

ભુંડી ભારજા વીશે ગરબી. ૧૧

ઓ જેની ભારજા ભુંડીરે તેને પીડા અંતરમાં ઊંડી;

લાજ તજીને લડાઈ કરે નીત, ભાળતા લોક બરાય
સારાં મનુશયના ઘરનું વગોણુ, જોણુ જગતને થાય ભાઈ ૧
જેમ બીલાડી ઊંદરને જુએ, એમ નાથ સામા કરી નેણ;
પગ થકી પ્રગટે માથા લગી, એવાં વાંકાં કાઢે વેણ ભાઇ ૨
ચાર ઘડી પેઊ ચઊટે ટળે તીયારે. સુખ બંનેને થાય;
ઘડીએ આવીને ઘેર બેસે તીયારે, શેર લોહી સુકાય ભાઇ ૩
પોહોર ચડે દીન પોહોડીને, ઊઠે ચોપે લડાઈનો ચાલ;
જો લડનાર કોઈ ન મળે તો પડતાળે પોતાનાં બાળ ભાઇ ૪
સનેહ કરી કદી સવાગી સાથે, બેશી ન બોલે વાત;
ધુમાડાની પેઠ ધુંધવાતી, રહે રીસ ભરી દીન રાત ભાઈ ૫
પેઊ થકી તો ઘણીજ પોતાગાં સમજણ જાણે સદાય
દઈવ થાકે તો મનુશના મુખની શીખામણે શું થાય ભાઇ ૬
પંડીત શાસતર ભણેલ પુરાણી, મોટી સભામાં મનાય;
માન તજી મુરખીના મોહોડાના, તેજ ઠુંકારા ખાય ભાઈ. ૭
જેને વીતી હોય તે નર જાણે આણે બીજા અહંકાર;
ડહાપણનો ધનવંત કહે કોઇ ગરવ ન કરસો લગાર ભા. ૮

દુસટનર વિશે ગરબી. ૧૨

કહુ નર દુસટની કહાણીરે, સુણો સહુ સનેહજ આણી
મોડું વહેલુ કામ સુધરે કે બગડે, એ માણુસ માત્રની રીત
પોતે કરયું તેતો પાધરૂ જાણે નારીને મારે નીત કહુ ૧
સાસુ નણંદ દેરાણી જેઠાણીના સાચા જુઠા સુણી બોલ;
વાંક વીના વીનતાને તજે તો, તે નર મુરખને તોલ; કહુ ૨
કાગડે ગેરયું ઘુડ ફરે જેમ, ગોરી સદા ગભરાય;
ઘરનાં કરે શૌ દવેસ ઘણેરા; તેથી જુદા નહીં થાય. કહુ ૩
સાસરીઆની સાથે લડી કાઢે, રાંડ ઊપર તે રીશ;
સારા માણુસની શીક્ષા ન માને, જેને રૂઠયા જગદીશ કહુ

માનનીનું અપમાન કરે નીત ગાય નઠારી ગાળ,
તુચ્છ ગણી તીરસ્કાર કરે તો તે નરનું મોં બાળ કહુ ૫
સમજુનો ટંટો તુરત ટળે, કોઈ ઘરડું આવી કહે ઘેર;
ઊંધુ કહે કે આડું જુવે. તેનો પાર આવે શી પેર કહુ ૬
પોતે તો ખાય પીએ ઘણું ને વસત ધરે શુભ રીત
નારીને આપે નીત નઠારૂ કહો કેમ પ્રગટે પ્રીત. કહુ ૭
સ્વામી સાંભળતે વાક વિના આવી કામનીને લડે કોય;
સારી રીતે સમાધાન કરે નહી, હીજડા જેવો હોય. કહુ ૮
પીયરીયાં પટકુળ ન પુરે તો સ્વામી કરે સંતાપ;
કહે ધનવંત એ કંથ સવરૂપે, પેલા જનમનું પાપ. કહુ ૯

દેશીઓને ઉદયમ કરવાની ગરબી.

દેશી મીત્રો દુઃખ સરવે ટાળોરે આપણા દેશનું ટેક
પ્રથવી ગઇ પરદેશી હાથે, એ મોટી ભુલ તમો માથે;
તમે સંપ ન રાખ્યો કાંઇ સાથે દેશી મીત્રો ૧
આ વખત તમે જુઓ વીચારી, નીરધન થઇ બેઠાં નરનારી
કાંઇ ધુળ મળા ધંધા ધારી દેશી મીતરો ૨
તમે દીવસે સુવું દુર કરો, દીલ ખોલી ખુબ વીચાર કરો;
હો જાગરત થઇ કાંઇ જુગતી કરો. દેશી મીતરો ૩
તમે સગા કુટુંબમાં સંપ કરો વળી દેવાદાર થતેજ ડરો;
તમે નીત ધરાડો નાત વરો. દેશી મીતરો ૪
ધન ગળતે તુરત ગરવ છાંડો તમે મોટાં કારજ નવ માંડો;
તમે પરણ્યા પેહેલા શીદ રાંડો. દેશી મીતરો ૫
વિદ્યાનો સવાદ સદા ચાખો મન ઉદયમમાં આહોનીશ રાખો;
શીદ ભાગ્ય લખ્યુ થાશે ભાખો દેસી મીતરો ૬
પડતર જમીન તે ખેડાવો, ઉગરોજો ત્રણ વખત વાવો;
ઊદયમીને ઉદયમે લાવો દેશી મીતરો ૭

આલાભત અંરજી આળસાવો, લુચ્ચાઓને લાંચ ન સુંગાવો;
નાતીલા પાસ કહો દાવો. દેશી મીત્રો ૮
પરદેશી હુનર પ્રગટ હરો, સંચાને જંત્રો શીદ કરો;
દલપતની વીનતી દાલ ધરો. દેશીમાંત્રો ૯

મુવા પછવાડે ન રોવા વિષે ગરબી ૧૪

રાગ ધોળ.

વાલાની વાંસે રાગ તાણી નવ રોવું.
જેથી તેને જંપ ન ઉપજે, જીવમાં સમજી જોવું રે;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું.
ગોવીંદજીએ કહયુ ગરૂડને કુટે રડે જો કોઇ;
મરનારને માહા દુખ ઉપજે ધરે નીસાસા રોઇ,
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું
લીંટવાળને આસુ ઝરે, તે જમ ચર પાયે પરાણે,
રઉરવ માહા રઉરવનાં દુખથી એ દુખ અદકુ જાણે.
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૨
કોઇ છાતી કુટે શીર કુટે ચુટે કેસજ હાથે;
એ સઘળી પરી પુરણ પીડા મરનારને માથે,
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૩
લોક વખાણે કે ન વખાણે તે સાઉ સાંખી રહીએ;
જો હઇઆમાં હેત વધે તો દુખ તેને શીદ દઇએ;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૪
શતરૂતા સમપુરણ હોયતો, રડો કુટો ન વીચારો.
જીવતાં વેર વળી ન શકે તો મરતાન વલી મારો,
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૫
કુટવી થકી જો કાંઇ દેખાતો. કુટો સઇને પાણો;
શાગાટે તમે કુટી, શરીરમાં રોગ ઉપાબી, આણો;
રાગ તાણી નવ રોવું.

એવી શોભા મલા આળગી વાળગી રહો માં એકેન,
જેથી સુખ ઊપજે એ જીવને, પુન્ય કરો કાંઇ પ્રેમરે;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવુ. ૭
રોશો પણ તેને નવ જોશો ખોશો આંખ તમારી.
દલપતરામ કહે દીલ શોધી, માનો શીક્ષા મારીરે;
વાલાની વાંશે રાગ તાણી નવ રોવું. ૮

શિયળનું ઘોળ,

(શીયળ એટલે વ્યભીચાર અથવા છીનાળુ ન કરવા વીશે.)

બહુચર ભલે આવીયાં એ રાગનુ

સુણો સમજુ સકળ નર નારીઓ.
મોટો શિયળ તણો મહીમાય શીયળ પાળો સ્નેહથી;
જે કોઇ શીયળ સારી રીતે સાચવે;
સરવે સફળ મનોરથ થાય. શીયળ પા૦ ૧
સોના રુપાની સોભા ન સમજીએ,
સોભા સરસ શિયળ સણગાર. શીયળ પા૦ ૨
જેવાં નકટાંને ભુશણ નાંખીય;
એવાં શિયળ વીના નર નાર. શીયળ પા૦ ૩
વધે લાજ અધીક ઠીક લોકમાં;
પરલોકમાં મુક્તી પમાય. સીયળ પાળો ૪
સુખ સંપતી શીયળથી શેવીએ,
રીઝે જગ કરતા જગરાય. શીયળ પા૦ ૫
માટે શીયળ સરવ રીતે સાચવો;
તજો કામી હરામીનો સંગ, શીયળ પા૦ ૬
જરીએ ડરીએ ના મરણના ડર થકી;
ભારે ડરીએ શીયળ થતે ભંગ. શીયળ પા૦ ૭
તજી લાજ બે આદ બી ન બોલીએ;
નાખી ડાલીએ મદ છક માંય, શીયળ પા૦ ૮

નીચી નજરે સરળ રીતે ચાલીએ,
હાંસી મશ્કરી કરીએ ન કાંઇ. શીયળ પા૦ ૯
ફાટી આંખે ફરે જે કોઇ ફાતડા;
તેનું ડાટીએ માટીમાં મુખ. શીયળ પા૦ ૧૦
તજવી સોબત નીત તેહની;
જેને લજવી જનેતાની કુખ. સીયળ પા૦ ૧૧
ભણતુ ગણવુતો તેહનુ ધન છે;
જેને કુળને લગાડો ડાઘ શીયળ પા૦ ૧૨
ભણી ગણીને શીયળ ન સાચવે;
એના ભણતરમાં ઉઠી આગ. શીયળ પા૦ ૧૩
છછયા ફુટા બોલ બોલ હાંસીઓ;
દેખી ફાંસીને નાશીએ દૂર, શીયળ પા૦ ૧૪
શીક્ષા સુંદર દલપતરામની,
જાણી કામની શીખો જરૂર. શીયળ પા૦ ૧૫

લગનમાં ફટાણુ ન ગાવા_વીશે. ૧૬

બોળકામાં ધરમસી ફુલતો મેવા ડમર ગાજે, એ રાગ.

આવો સઇઅર બાઇ બેનડી, ગાઇએ ગીત રૂપાળાં;
મંડપમાં મેલો દીવડો, ભલાં થાય અજવાળાં. ૧
આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી;
સોનાનો સુરજ ઉગીયો, આજ દીવસ દીવાળી.
ગાઇએ ગીત ભલાં ભલાં વેવાણોને હરાવીએ;
બોલ બે અદબી ન બોલીએ, જેથી જાત લજવીએ. ૨
કોળી નાળીના કુળની, એતો ગાય નઠારૂ,
આપણુ ઉતમ કુળનાં નહી ગાઇએ નઠારૂ.
જાતને ભાતતો જાણીએ, બોલ બોલે જે ઘડીએ;
ભાંડ નઠારૂતો નાયકા, એમાં આવી ન પડીએ.

એમ જાતની માનની, ગીતે મશ્કરી ગાશે. ૬
મશ્કરી પણ મરજાદની, આપણી એબ ન ખોશો;
જરૂર ફટાણાની હોય જો, કહું એટલું બોલો. ૭
વેરાગને કરો વાંદરી, ગાંઠ પુછડે વાળો;
વેરાગી કહીએ વેરાગ્યને. કાંધે કાંબળો કાળો. ૮
એવી અનીક જો ગાયજે, નીચી જાતમાં ભળતા;
બાપ માઈ બેઠા સાંભળે, જેવા વેશ્યાના ભડવા. ૯
ઠીક પડયો અવતાર એ શુભ્ર શું કહીએ જાઝા,
ફાગની નહી એતો કુતરી, મરદ નહીં એતો માદા. ૧૦
મારો શીખામણ માનજે જેવી રામજી સુઝે;
દસકત દલપતરામના, દીલમા સમજી લીજે- ૧૧

સંપ વીસે ગરબી. ૧૭

દેશમાં સંપ કરોરે, સંપકરોહાંરે જે કોઈ સંપ તજીને સુખ
માગે તેના સુતેલા શતરૂ જાગેરે.
દેશમાં સંપ કરોરે. સંપ કરો
હાંરે બેજ સંપ લડાલડી આવે, તેમાં તુરત ત્રીજાને
ફાવેરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૨
હાંરે જે કોઈ તીલ જમીન સારૂ લડતા, રાજ ખોઈને
રડયા. હવે રડતારે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૩
હાંરે હાનુ કે હઈએ વીચારી નહીં જેઓ પરે આતછે હાથમાં
તે એ.ગ.રે. દેશમાં સંપ કરોરે સંપ કરો.
હાંરે તમે ટંટા ધરમના ટાળો. જે જે પારો લાગેતે ધરમ
પાળોરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૫
હાંરે ઝઘડા કાટ દો છોડી, આપણા દેશની થઈ આબરૂ
થોડીરે. દેસમાં સંપ કરો સંપ કરો, ૬
રે કરી સંપ કાંઈ હુનર ઉઠાવો. દેશની બખત ફૂરણા
... કરોરે સં

હાંરે કોઈનું સારૂં દેખીને શીદ દાઝો, તેને ખુશ થઈ સાર વાન બાઝોરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૮
હાંરે માનો દલપતરામની વાણી પક્ષપાતવિના સત્ય પ્રમાણીરે; દેશમાં સંપ કરોરે સંપ કરો ૯

કેફ ન કરવા વિસે ગરબો. ૧૮

તજોરે તમે કેફ કરમ કરવું.
જેથી થાય મોત વિના મરવું તજો તમે કેફ૦ ૧
નથી એમાં સવાદ કસો સારો,
વિવેકની નજરેથી વિચારો
દુખીઆરો થાશે કેફનો કરનારો. તજો તમે કેફ૦ ૨
પીસે જે જન મદીરા તાડી.
તેનાં ફળ દેશુ દેખાડી;
ઊંચે પદથી દેસે પાડી. તજો તમે કેફ૦ ૩
અફીણથી કંઈક ગયા ઊંડી,
ગમાવી ગાંઠ તાણી મુંડી;
મુંવા દુખ દરીઆમાં બુડી. તજો તમે કેફ૦ ૪
મુરખને મુરખ મળે સંગી;
સાલાગર ભાંગ પીએ ભંગી;
અકલ હીણા તે અડબંગી. તજો તમે કેફ૦ ૫
મફર કે માજમ જે ખાશે.
જરૂર અકલ તેની જાશે;
સાજન સારા લોકમાં નીંદાશે. તજો તમે કેફ૦ ૬
પીએ કોઈ ગાંજો ગુણી જાણી,
ધુમાડો ખેંચે બળ આણી;
એની તો અકલ વેચાણી, તજો તમે કેફ૦ ૭
તે સરવે રોગ કરે તનમાં;

મોટા તમે માની લેજો મનમાં. તજો તમે કે૦ ૮

ન ખાશો પાક કદી પ્રીતે,
જેની ચતુરાઇ ઘટે ચીતે;
શુહજો રૂડા માણસની રીત. તજો તમે કે૦ ૯

પ્રભુ થકી જો દીલમાં ડરીએ,
કદી એવુ કરમ નહીં કરીએ;
શીખામણ સારી રૂદે ધરીએ. તજો તમે કે૦ ૧૦

બનાવી ગરબી બહુ સારી.
સુણી જે દેશે વીસારી;
તેના મુખ ઉપર પેંજારી. તજો તમે કે૦ ૧૧

વારે વારે શું કહીએ વારૂ,
સ્નેહ કરી કહુછુ તમ સારૂ;
માનો દલપતરામ કે કહ્યુ મારૂ તજો તમે કે૦ ૧૨

કેફીની સ્ત્રીના પસ્તાવા વીશે. ગરબી. ૧૫

મા મુજને કેમ દીધીરે કેફી કંથને,
કાડા શોધ્યા કીયા જનમનાં વેરજો;
જન્મ સમે નવ આણ્યો મારા અંતને,
ગળથુથીમાં ઘોળી ન પાયુ ઝેરજો. મા મુજને૦ ૧

ઉછેરી નાંખીરે બળતી આગમાં,
ઉગરવાનો નથી હવે ઉપાયજો;
ભોગવવું દુખ લખ્યુરે મારા ભાગમાં;
રજની દહાડા રડતે વીતી જાયજો. મા મુજને૦ ૨

આવરદા મારી અતી લાંબી થઇ.
તરાગ નહીં જે તડકે તોડયો જાયજો;
કરમ તણી કાણી કયાં જાય કહી,
ખાંપકુવાની કુવા વીશે સમાયજો; મા મુજને૦ ૩

રવું ઝાઝારે આ સંસારમાં

હાથે મરૂ તો આતમ હતા થાય જો;
સાત જનમ પામુરે શોક અપારમાં,
પાર નઆવે કરતે કરોડ ઉપાયજો; મા મુજને૦ ૪
રમવું ને જમવું તો મુજને નવ ગમે,
માથે ઉગાં દુખનાં મોટાં ઝાડજો.
એ દુખથી છોડાવે મુજને આ સમે,
પુરણ માનુ પરમેશ્વરનો પાડજો. મા મુજને૦ ૫
ફરી જનમ ધરશુ તો સુખ પામશુ,
આ અવસરતો એળે ગયો અવતારજો;
હઇયુ કઠણ રાખીને હિંમત રાખશુ,
ભાગે લખીયો દેવે આ ભરથારજો. મા મુજને૦ ૬
પાપ નથી કીધાં આવડાં આ પળે;
પ્રગટી આવ્યાં પેલાં ભવનાં પાપજો,
લેખ લખ્યા દઇવે તે ટાળ્યા નવ ટળે;
કરમ કરે તે નવ કરે માને બાપજો. મા મુજને૦ ૭
દીલમાં એમ સમજીને દુખ ન માનવું.
શાંખુ હઇઆમાં કેના ઉપર રોશજો;
ભવ પેલે કીધાં તે ભોગવી છુટવું,
દલપતના સ્વામીને દેવો ન દોસજો. મા મુજને૦ ૮

કેફીના વરનો હેવાલ. ગરબી ૨૦

કેફી સહીયર જેનો કંથડોરે, તેનાં પુરણ પાપ;
મનમાં ઉદાશી મટે નહીં,
હાંરે તપે તનડામાં તાપ; કેફી૦ ૧
એવો દીશે અળખામણોરે, જાણે જીવનો ટળેલ;
આડા બોલો અકૂણીઓ,
હાંરે એનાં ગામ ગળેલ. કેફી૦ ૨
એક ટકાની એની આબરૂરે પીટયો ચલ્ઠાનો મોર

દહાડી દારાય દરબારમાં,
હાંરે પુઠે લોકનો નોર. કેફી૦ ૪
અપોચ્ચીયોને ઘણો આળસુરે, ક્યાંતો ઊંઘે કે ઝપાય;
રળવાની શક્તી રહે નહી,
હાંરે રળયું રંડાનું ખાય. કેફી૦ ૫
બાગેથી આવે એ બાકરોરે,
હીણો દેખાય હાડ, ખુણે ઢાળીને પડે ખાટલો;
હાંરે બહારી છઇયાંનો કાળ. કેફી૦ ૬
બાળકને ખાવા નહી બાજરોરે, પીટા પ્રગટે કેફાં;
છતે ધણીએ બળે છાતડી,
હાંરે વેઠે રંડાપો રંડ. કેફી૦ ૭
લાજ હીણો લેખે નહિરે, જાશે તારણુથી તોલ,
તેવા અફીણના તોરમાં,
હાંરે બોલે જુઠેરા બોલ. કેફી૦ ૮
કોઇ કોઇ વખત થાય કેફથીરે, દઇયા ફુટા ફેરા;
તોએ શીખ દલપતરામની;
હાંરે કદી ધારે નહી કાન. કેફી૦ ૯

કેફ કરવાથી થતા અવગુણ વીશે. ગરબી ૨૧

સજન લોક વીચારી સારી શીખામણ મન ધરીએજી;
જેમ તેમ મુખથી બોલીએ, જેથી દીલમાં ડરીએ.
કેફ ન કરીએજી. ૧
તાળી પાડી દોષ દેખાડી. કહું છું દાહાડા દહાડીજી;
મારૂં વેણ તમે માનો તો તજજો, દારૂ તાડી. કેફ૦ ૨
કેફ કરવાથી ઘટશે ભાઇ, ચીતમાંથી ચતુરાઇજી;
ધન ખરચી લેવી લુચાઇ, એ મોટી મુરખાઇ. કેફ૦ ૩
લાજ ઘટે ને કાજ ન સુધરે, એમ ન વીચારે અંધોજી,
સાર નથી એમાં કાંઇ અંતે, ઘરખોવાનો ધંધો. કેફ૦ ૪

વેદ પુરાણ કુરાન ગીતાએ જોજો હેત તપાસીજી.
એ ભક્ષણ તજવાથી મળશે, સઘળેથી શાબાશી. કેફ૦ ૪
કાજી મુલાનો મત એ છે મતછે અઘીયારનોજી;
હિંદુમાં ગઊહત્યાથી પાપ, દોશ ઘણો દારૂનો. કેફ૦ ૬
દારૂ સારૂ મારૂ તારૂ ચોરવાનું ચીત થાશેજી;
કોઇક સમે સાંકડામાં આવી, જીવ તેમાંથી જાશે. કેફ૦ ૭
વસ્ત્ર તજીને લાજ વીનાના ભરતા રાતે રખડશેજી;
કહે દલપત કરમાં લીનો લઇ કોઇ કુમાર્ગમાં ન પડશો. કેફ૦ ૮

કેફના અવગુણ વીશે. ગરબી ૨૨

કેફી લોકો કેફ તણા અવગુણ તે કહુ હું કેટલા;
નીરલજ નરછે કેફ તણાં કરનારરે જગમાં કેટલા;
આ જગમાં જે નર કેફ કરે,
તેના તનમાં રોગ અનેક ઠરે;
તેની નાશાયે જગમાં લાજ નરે,
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હું કેટલા૦ ૧
તેના બાળક બાજરીને રડશે.
તેના લહેણા વાળા નીત નડશે,
પછી ગભરાઇને બાઇડીને લડશે;
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હું કેટલા૦ ૨
નીત્ય નવલી ફજીઆદો થાશે,
કપડાં હરાજે વેચાશે,
કેફી સરકારે દોરાશે,
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હું કેટલા૦ ૩
બે ભાન થઇ ભુલા ભમશે,
નરસી જગામાં જઇ રમશે,
અભીમાન તજી ગાળો ખમશે;
[illegible] અવગુણરે કહુ હું કેટલા૦

તેને ઘર ધંધો નહી હાથ ચડે;
તેની ખુશી જશે કેફ વડે,
તેને રસ્તો શીધો નહી જડે;
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હુ કેટલા૦ ૫
એવો અક્કલહીણો કોણ હશે,
ધન ખરચીને દુખીઆરો થશે;
કોણ મરવા સામે પુર જશે
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હુ કેટલા. ૬
નથીરે એમાં સવાદ કશો,
કેફથી ઉલટા હેરાન થશો;
વળી મરીને જમને હાથ જશો,
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હુ કેટલા. ૭
તમે વીગતેથી વીચાર કરો,
વળી પરમેશ્વરથી કંઈક ડરો,
દલપતની વીનતી દીલ ધરો;
કેફી લોકો કેફ તણા અવગુણરે કહુ હુ કેટલા૦ ૮

કળિકાળમાં કેફીને ચેતવણીની ગરબી ૨૩

એક કારણ કહુંછુ કળી કાળનુંરે લોલ,
મારા અંતરગ વિકરાળતુંરે લોલ;
જે કોઈ લંકાના વાશી ગણું નીવતારે લોલ;
આજ થયા છે આવી જીવતારે લોલ, ૨
ઉપર વેશ તે ઉત્તમ વરણનોરે લોલ.
આહાર કરે તે કુમ કસાઈનોરે લોલ; ૩
સારાં વસ્ત્ર ભણીને ભુના પડેરે લોલ,
રસ્તો છોડીને રાનમાં ચડેરે લોલ. ૪
ઈચ્છા વરણ કામ નીચુ કરેરે લોલ;
એમ શીવ શકતી તણુ ધરેરે લોલ: ૫

જેમાં સ્પરશ થએથી નહાવું પડેરે લાલ;
કહેશે મધુ તે દેવીને ચડેરે લાલ. ૬
જેમાં માંશથી દોશ મોટા રહેરે લાલ,
તેવું પીવામાં પુન્યછે કહેરે લાલ. ૭
અતો વેદના વઇરી રવાણુ વંશનારે લાલ;
કાંતો કુટંબીકેસો કંશનારે લાલ; ૮
બહુ જુગતી લાવેછે જુઠું બોલવેરે લાલ.
ભોળા લોકોને ઘણા ભોળવેરે લાલ. ૯
કહેશે એક પુરાણુ વાતછે કહીરે લાલ, ૧૦
બદ પીવામાં પાપછે નહીરે લાલ;
જુઠા સ્લોક બનાવે મધુ માનનારે લાલ,
સમજાવે જીવ અગનાનારે લાલ;
જે કાંઈ દુશટ કરમ એવું આચરેરે લાલ;
માતરીક નામ તેનું ધરેરે લાલ. ૧૨
નીચ વસતુમાં નીચ પાણું જે હતુરે લાલ.
તીરથ કરાવે નામ તેહનુંરે લાલ, ૧૩
ગ્રંથ વાંચે સભામાં શુધ ધરમનોરે લાલ;
દીલમાં ભરેલુ દુસ્ટ કરમનોરે લાલ,
તેમાં નામ ધરાવે દેવી બાળનુરે લાલ;
કરમ કરે તે ચંડાળનુરે લાલ. ૧૪
ભોળા લોકો ભોળાશો નહી ભરમમાંરે લાલ
નથી એ વાત કોઇ ધરમમાંરે લાલ. ૧૬
એવા દઇતોની વાત માનશો નહીરે લાલ
વાતો એ વેદમાં નથી કહીરે લાલ. ૧૭
એવું કરવું તે સારૂ કોણ જાણસેરે લાલ;
વાદ સભામાં કોણ તાણશેરે લાલ. ૧૮
[illegible] છોડુછેરે લાલ;

તેથી મદીરા પાન મોટુછેરે લોલ. ૧૯
એવી રીતે લખ્યુછે શાસ્ત્ર સરવમાંરે લોલ;
ગણતા નથી તે પાપ ગરવમાંરે લોલ. ૨૦
કહ્યુ માનીને દલપતરામરામનુરે લોલ.
કરવું ન કામ હરમનુરે લોલ. ૨૧

કેશની બાઈરીના મહીના. ગરીબી ૨૪

૧ કારતક મહીને કેશી જેનો કંથરે સાહેલી;
આ એ અગળાના દુખનો નાવે અંત સાંભળસાહેલી.
દીવસ ઘટે ને રજની મોટી થાયરે સાહેલી;
આ કેશીની આગળ ના દીન કેમ જાય સાંભળ સાહેલી
હીમળાનો શીતળ વાયુ વાયરે સાહેલી.
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાભળ સાહેલી.
૨ આ માગશર મહીને સુખ પામુ શી પેરરે સાહેલી;
આ કેશીડેતો માંડયો અકરા કેર સાંભળ સાહેલી;
આ ઉપજ ખરચની વાત કશી નવ જાણેરે સાહેલી.
આ આઈ બેઠો નીજ બાપ તણી કમાણી સાંભળ સાહેલી
પડયો રહે કાંઇ કેશી રસ્તા માંયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૩ પોસેતો ઘર વેચી બેઠો પાપીરે સાહેલી.
આ પીયર જવાની રજા વહુને આપી સાભળ સાહેલી,
જેણે મુજને પરણ્યાળ્યુ એવુ પાપરે સાહેલી;
આ પેલા ભવનાં દુશમન માને બાપ સાંભળ સાહેલી.
એ રતમાં સાસરે જવુ સઉ ચાહેરે સાહેલી.
આએ મહીનો એવી રીતે કેમ જાય સાભળ સાહેલી.
૪ માહા મહીનામાં બોલે કોક વસંતરે સાહેલી;
આતે દુખણી કેશીડા જેનો કથ સાંભળ સાહેલી,
વન પલાળ્યાં આંબે આવ્યો મોરરે સાહેલી.

આ દુખણીને સુખ નથી ઓણુ કે પેહેર સાંભળ;
ભમર ગીત સુણી પીઉ મળવા મન થાયરે સાહેલી;
આએ મહીને એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૫ ફાગણમાં નર નારી ખેલે ફાગરે સાહેલી;
કેશીની અબળાને અંતર આગ સાંભળ સાહેલી;
રમે જમેને હશે મલી નરનારીરે સાહેલી;
આ કેશીની પરણેલી ખાય માર સાંભળ સાહેલી.
જોવુને રોવું ઘર ખુણા માંયરે સાહેલી.
આએ મહીને એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૬ ચયતરમાં કેમ ધીરજ રાખુ ચીતરે સાહેલી;
આ કેફ કરેતે કેશીડો નીત નીત સાંભળ સાહેલી,
એ પરમેસ્વરે કેમ આવો વર આપ્યોરે સાહેલી,
આએ વરથીતો ભલો રંડાપો સાંભળ સાહેલી.
લેહેણાવાલાની ફરીયાદો થાય રે સાહેલી,
આએ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૭ વીલખંતે આવ્યો મહીનો વહશાખરે સાહેલી;
આવોવમ એ દીલ થાય બાળીને રાખ સાંભળ સાહેલી;
સુરજ તપેતો છતર આડુ રાખુરે સાહેલી,
આ દીલ દાઝે તે કોની આગળ દાખુ સાંભળ સાહેલી
રજની ઘટીને દાહાડો મોટો થાયરે સાહેલી,
આએ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૮ જેઠે તો જીવડો જલવા લાગોરે સાહેલી:
એ કેશીની અબળાનો આનંદ ભાગો સાંભળ સાહેલી,
પગ દાઝેતો મોજડીઓ લઇ પેરૂ રે સાહેલી;
કાળજડુ દાઝે તે કેમ કરી ઠારૂ સાંભળ સાહેલી.
કેશીડાને કોઇ કહે ન સમજાયરે સાહેલી;
આએ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.

૯ અસાડ ચડી આવ્યો છે ઘનઘોરરે સાહેલી,
આ મોટો હરખ ધરીને બોલે મોર સાંભળ સાહેલી;
કેશી કંથ બંધીખાનામાં માહાલેરે સાહેલી,
આ પરણેલીના દીલમાં એ રત સાલે સાંભળ સાહેલી.
લીલીધરા વીધવીધનાં અન વવાયરે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૦ શાવણમાં મેં શીવ પુજા નવ કીધીરે સાહેલી;
આ દેવે મુજને કેદીને કર દીધી સાંભળ સાહેલી,
ચીત ટળેતો વ્યસની જુડો ચોરરે સાહેલી.
આગ્ય સગપણ કરનારો મરજો ગોર શાંભળ સાહેલી;
આ ભાગયવંતી જે સઉ સાથે સોહાયરે સાહેલી;
આએ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૧ આ ભાદરવે ભરજોબન એળે જાયરે સાહેલી;
આ કેદીની બાઇરીને કેમ સુખ થાય સાંભળ સાહેલી;
નદીએ આવ્યાં પુરણ જળનાં પુરરે સાહેલી;
આ પેઉ સાંભળતે આગ જળેછે ઊંર સાંભળ સાહેલી;
માળે બેશી પંખીડાં મલકાયરે સાહેલી;
આએ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
૧૨ દીવાળીના દાહાડા આસો માસરે સાહેલી,
આ કેદીની બાઇરીતો નીત ઉદાસ સાંભળ સાહેલી.
રમે જમેને ધરે નવા સણગારરે સાહેલી;
આ કેદીની નારીને નયણે જળ ધાર સાંભળ સાહેલી.
ગુણવંતી મળી મળીને ગરબા ગાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય ...

માસ અધીકમાં અધીકપણે શું કહીએરે સાહેલી,
અ કે બાંધીઆને એકલા કેમ રહીએ સાંભળ સાહેલી
એ વરથી મુજને છોડાવા ધાયરે સાહેલી.
તો દલપતના સ્વામીને લાગુ પાય સાંભળ સાહેલી .

કેફના અવગુણ વીશે ગરબી ૨૫

શીખ કહુંછુ તે સઉ સાંભળોરે. ફેલ વીચારો અફીણ
હો લાલ લાલ કસુંબા નવ લીજીએરે,
અવગુણ ઝાઝા અફીણમાંરે એથી હોયછે અકલ હીણ,
હો લાલ લાલ કસુંબા નવ લીજીએરે-
માટે મેહેલે ચડીને બેસતારે, અફીણથી એજ થયા હરાજ
હે લાલ લાલ કશુંબા નવ લીજીએરે.
જે નર ભોજન જમતા ભાવતાંરે,
રડતા દીઠા અંનને કાજ હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે.
વાહન રથ ગોડાને પાલખીરે.
ચાલા પગ પાળા તજી તેહ હોલાલ;
લાલ કસુંબા નવ લીજીએરે;
રાતા માતા શરીરે શોભતારે;
દીઠા તેહના દુરબળ દેહ હો લાલ
લાલ કસુંબા નવ લીજીએરે.
જે નર ચતુર શીરોમણી જાગતારે.
નીરખ્યા તે નર નીદરા લે નેણ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે.
જે નર બહુ બુધીથી બોલતા,
તે નર ભાખે ભાગા વેણ હો લાલ;
...જીએરે

જેની એતી સંભળાતી આગરૂરે;
તે નર લોકમાં નીંદાય હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૭
જેનું સાચ પણ બહુ માનતારે,
તે સાચ થતા સમ ખાય હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે. ૮
તોપણ સાચ મનાય નહી નેહનુંરે.
સરવે લોક તજે વીસવાસ હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે. ૯
તે નર દુનીઆનાં જીવતો મુએરે,
સારૂ મનીસ ન બેસે પાસ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે લાલ ૧૦
બહુ દુખછે એવા બંધાણમાંરે,
કોઇ દીન કર મુગતી હોય હીણુ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૧
પ્રથવી ઉપર પગ ઘસતા પડેરે,
તે ઘડી આવે મોઢે ફીણ હો લાલ;
લાલ કસુંબા ના લીજીએરે. ૧૨
જે કોઈ તજશે વસતુ કેફનીરે,
રાજી થાશે ભગવાન હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૩
શીક્ષા સુંદર દલપતરામનીરે,
સજન સહુ ધરજો કાન હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૪

ગરબી ૨૬

નરા માણસે કેફની સંગત ન કરવી.

સમજી કાળા 'સાપ સરીખો પાપ ગણી પરહરવો રે;'
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો.
દારૂ પીએતે દઈત સરીખો કદી વીસવાસ ન કરીએ;
ભાંગ પીએ તે ભંગીઆ જેવો તેથી વેગળા રહીએ;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો.
પીએ તાડી તે પરેત સરીખો, અફીણ ખાય તે હેવો.
ગાંજાખોર તે ગાંડાઆ જેવા તે પણ તજવા તવારે,
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો
સંગ કરવાથી અંગ વળગશે, રંગ જશે બદલાઈ.
મનમાં હશે ઉમંગ ઘણા તે ભંગ થશે સહુ ભાઈ;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો.
પ્રથમ અફીણના પઈશા નહી તે, ઘરનું પાણી ગાળી
વળગાડીને થશે વેગળા રેશો આંખો ચોળી;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો.
સહુને સરખા કરતા ડોલે, બોલે વાત બનાવી;
નાક કટે જેમ નાત વધારી ભોળાને ભરમાવીરે;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો.
ખાશે ઘણા ગુણ ગાશે, પીશેને વળી પાસે.
જ્યારે જર જોબન દુર થાશે, પછી ઘણા પસતાસેરે;
શજન શઘળાએ કેફીનો શંગ ન કરવો.
આવા બોધને મેલી ઉંઘા, લુચા દુરગુણ લેશે;
શારા શજન સંતોષથી સુણીને દોશ વીશારી દેશે;
શજન શઘળાએ કેફીનો શંગ ન કરવો.
દોશ તજી શંતોશથી સુણીને, રોશ ગમેતો રાખે;
દલપતરામ કહે દુનીઆમાં દેખે તેવુ દાખેરે;
શજન શઘળાએ કેફીનો શંગ ન કરવો.

ભરથાર વશ કરવા વીસે ગરબી ૨૭

અલબેલીરે અંબે માત જોવાને જઈએ એ રાગની.

લલના નહી થાય લગાર કામણુ મંત્ર કસે
આ મંત્ર કરો ઉચ્ચાર વશ ભરથાર થસે ટેક
પ્રાણ થકી પીઉજી છો પારા નારા ન રહો નાથરે.
શરવ થકી લાગોછો શારા; હુ વેચાઉ તમ હાથ કા૦
તન મનમાં રહુ શાજી તાજી રાજી દેખુ રાજરે;
જો કદી કાંઇ જાણુ કુરાજી, ડુબ્યા દરિએ ઝાઝ. ૨
માત પીતાએ મોટી કરી. હેતે સોંપો હાથરે;
સુખ આપો કે દુખ આપો તમેછો મશાતકના
કામણુ મંત્ર
ગુણ શાગર ગંભીરછો સ્વામી હુ અવગુણ ભ...
પોતાની ગણી પરેમ નીભાવે બાંહ્ય ગ્રહાની ...
કામણુ મંત્ર ...
સ્નેહ તમારો જોઇને સ્વામી, જામી મીલકત જેમરે;
ખુબ ખુશી થઇ ન રહે ખામી પામી પુરણુ પરેમ.
કામણુ મંત્ર કશે
ભલુ કરયુ ભગવંતે મારો સફલ કરયો અવતારરે.
મેહેર કરી મન મલતો આપયો તમ સરખો ભરથાર;
કામણુ મંત્ર કશે- ૬
સગાં સરવ તમ સારૂ તજીયાં, તજયો સઇઅર સાથરે;
દોસતી સરવની દુર કરી હું રાચી તમારે રાગ.
કામણુ મંત્ર કશે ૭
આભ ઉંચોને નીચી અવની અવર નથી આધારરે;
આશા રાખુ એક તમારી છો સુખના દાતાર.
કામણુ મંત્ર કશે

નહીંતો તે સણગારછે શરવે આગ તણા અંગાર.

કામણ મંત્ર કશે ૯

દુનીઆમાં નર તમને દેખુ, બીજા લાલ કેશીરરે;
તુછ ગણુંશુ તે સઘળાને, હોય અમીર વજીર.

કામણ મંત્ર કશે ૧૯

જળ જંતુને જળ સંગાથે, જેવી પુરણ પ્રીતરે,
પલક પડેજો દુર તરફડે, એજ અમારી રીત;

કામણ મંત્ર કશે ૧૧

પાર ન લે પ્રીતે પરણવતાં સ્થીર બેશી એક ઠામરે;
રાત દીવશ કવીતા રચના જો
રચસે દલપતરામ;કામણ મંત્ર કશે ૧૨

ગરબી ૨૮

રામચંદ્રજીને સીતાના કાગળોનાં ધોળ.

મામેરૂ મોઘા મુલનું એ રાગ.

શ્વસ્તશ્રી પુરી લંકા સોહામણી.
જયાં રાજેછે જનક કુમારી પ્રીતમ લખે પારીને;
રહો અખંડ એવાતન તમ તણું,
એવી આશીશ વાંચો અમારી
પ્રીતમ લખે પ્યારીને
ગોરી દઇવના જોગે જુદા પડયા.
પણ પ્રાણ મારા તમ પાસ,
પ્રીતમ લખે પારીને. ૧
બેસુ બાગ બગીચે કે બંગલે, રહુ તમ વીના અધીક ઉદાશ
પ્રીતમ લખે૦ ૨
...સ્નેહ ઘડી ઘડી શાંભરે તારો ભાવભુલ્યો કેમ જાય;
૩

મારે અરથે તમે બાળાપણ થકી, તજ્યો સઘળો પીયર પરીવાર પ્રીતમ લગ્ને૦ ૪

તારી નમૃતા અમરતથી ભરી. વળી શોભીતો શાંત સ્વભાવ પ્રીતમ લગ્ને૦ ૫

જેથી મનની ઉદાશી તુરત મટે, તારા બોલનો એવો બનાવ પ્રીતમ લગ્ને૦ ૬

ગોરાદે ગણ તારા કયમ વીશરે. કેમ વીશરે વીલાપ ભરાં નેણ પ્રીતમ લગ્ને૦ ૭

હેત વસતુ વદન તારૂ વીનતા, મારા *નીરખવા તલસેછે નેણ; પ્રીતમ૦ ૮

દીવશે તુજ વીના દીલમાં ગોઠે નહી, પીવું પાણી કે જમવું અનાજ. પ્રિતમ૦ ૯

રાતે રોઇને આંખયો રાતી થઇ. લોક પુછે તો આવે છે લાજ. પ્રીતમ૦ ૧૦

ગોરી મનમાં ધીરજ ધરી રાખવી, કાલે ભાગશે ભવના વીજોગ પ્રીતમ૦ ૧૧

જેથી રીજે આપણો જગપતી, એવો હરનીસ કરવો ઉદીઓગ. પ્રીતમ૦ ૧૨

જે જે વૃધ પાડોશીઓ સુથછે. તેને પ્રિતથી કહેજો પ્રણામ. પ્રી૦ ૧૩

વીભીક્ષણ ગારા મીત્ર પવીત્રને; કહેજો જરૂરનું હોયજોકામ, પ્રીતમ૦ ૧૪

જોઇતી વસતુ જરૂર મંગાવજો, કશી વાતે મુઝાશો ના૦ પ્રીતમ૦

કાલે દેખીશ દીવસ આનંદના. જાશે વીશરી આ દુખ
ભરયા દન. પ્રીતમ૦ ૧૬
જે જે પધારી તમારી શાહેલીઓ. તેને પણ કહેજો મા
રો જુહાર. પ્રીતમ૦ ૧૭
સાસુ સસરાની આશીશે સુંદરી; મળસે ભામનીને ભરથાર
પ્રિતમ૦ ૧૮
વધે સ્નેહને શંપ સુજન સાથે, તેવી તનમન રાખજો ટેવ
પ્રિતમ૦ ૧૯
અમે થોડી અવધે આવસુ, એમ દલપતરામનો દેવ.
પ્રિતમ૦ ૨૯

ગરબી ૨૬.

સીતાજીના કાગળનુ ધોળ.

રાગ ઉપરનો.

સ્વરતશ્રી સંશ્થાન શોહામણું જયાં રાજે સદા રઘુનાથ
કાગળ લખે કામની. ૧
લખે લંકા થકી શીતા શુંદરી, હેતે વંદે જોડી જોડી
હાથ. કાગળ૦ ૨
પત્ર આવ્યો તમારો પ્રિતે ભરયો. વાહાલા વાંચી થયો વી
શરામ. કાગળ૦ ૩
પણ જીવણ તમથી જુદા પડે. ઘણા દીવશ થયા ઘનશામ
કાગળ૦ ૪
માટે મન મળવાને અકળાયછે; ઘડી એક તે જુગ જેવી
જાય. કાગળ૦ ૫
મારા નેણના નીરથી નાથજી, સુતાં રજનીગાં સેજ ભીંજા
કાગળ૦ ૬
[illegible] થઈ; નહીતો જીવડો જાસે જરૂર,
૭

જેવે પાંખો આપી હોય પીંડમાં, ઉડી આવું દેશાવર દુર
કાગળ૦ ૯
વહાલા નીત નવી વારતા વાંચીએ, જેથી પામીએ પુરો પર
મોદ. કાગળ૦ ૮
અનુરાધના ચોજ હુ ચાળવું, આવો વીદયાનો કરીએ વી
નોદ. કાગળ૦ ૧૦
ત્રાંબાકુડી ઉંડી રૂડી ઓપતી, ભાવે ભરૂ મહી નીરમળ
નીર કાગળ લખે કા૦ ૧૧
બેસો બાજોઠે ચડી મારા ચોકમાં સવામી નવરાવુ ચોળી
શરીર કાગળ લખે કા૦ ૧૨
કરૂ સરસ રસોઇ રૂડી રીતથી પ્રીતે પીરસી બેશુ હુ પાસ
કાગળ લખે કા૦ ૧૩
એવા દીવશ તે કયારે દેખાડશો કયારે અંતરની પુરશો
આશ કાગળ લખે કા૦ ૧૪
સ્વામી તમવીના પીયરને સાસરૂ શુનો લાગેછે સઘળો સં
સાર કાગળ લખે કા૦ ૧૫
મારા માથાથી મુધા પ્રભુ તમે, મારા આતમાના છો આ
ધાર કાગળ લખે કા૦ ૧૬
આવે પરવના દિન શુભ શરવને, હું તો શોક ઉદાસી સદા
ય કાગળ લખે કા૦ ૧૭
ગાજે મેઘને દમકે દામની આખી જામની જંપ ન થાય
કાગળ લખે કા૦ ૧૮
હુતો સુની દેખુ સેજ સુખડી, ખાલી મંદીર ખાવાનેધાય
કાગળ કા૦ ૧૯
ભરી વસ્તી ઉજડ જેવી ભાસેછે. એક તમ વીના [illegible]
ય કાગ૦ કા૦

વહાલા હુ તમને કેમ વીસરી, કેમ વીશરયુ દાદાનું વતન કાગળ કા૦ ૨૧
પત્ર વાંચીને વહેલા પધારજો, સ્વામી શરીરનાં કરજો જતન કાગળ કા૦ ૨૨
કોઇને દુખીઓ દેખીને દુખ પામતા, તેવી નાથ તમારીછે ટેવ. કાગળ કા૦ ૨૩
આવે અવસરે કેમ કઠણ થયા, તમે દલપતરામના દેવ; કાગળ કા૦ ૨૪

ગરબી ૩૦

જ્યારે રામચંદરજી તથા લક્ષમણ વનવાશ ચાલ્યા ત્યારે શીતાજીએ કહયુ કે હુ પણ સાથે આવીશ તે સમે રામચંદરજીએ કહયુ કે તમે પીએર જાઓ તે સમેનું ઘોળ.

“મામેરૂ મોઘા મુલનું” એ રાગનુંછે પણ દોઢ જાતીછે,

રામ લક્ષમણ વનમાં શીધાવતાં, સતી શિતાને આવતા સાથ કહે રઘુનાથ પધારો પીયર ભણી. ૧
નહીતો અહી રેહો શસરાના રાજમાં, હેતે હળી મળી સાસુ સંગાથ. નહીતો જોડી હાથ, પધારો૦ ૨
અમે વશતીમાં નહી વશીએ વીનતા. અમે કરસુ જઇ વનવાશ, તમો પામો તરાશ. પધારો૦ ૩
સાથે રથ કે ઘોડા નહી રાખીએ, નહી રાખીએ દાશી કે દાશ કોઈ આમ પાશ, પધારો૦ ૪
તમે કોશનો પંથ કીધો નથી. ચરણે ચાલવાથી પામો થાક, લીટી ખેંચો નાક. પધારો૦ ૫
અમે વનફળ ખાઇ ખુશીમાં રહીશુ, કોઇ દીવશતો ફુવળ પધારો૦

વનમાં નથીરે મંદીરકે માળીઆં, નથી પોઢવા કાજ પલં
ગ, રંગીત નવરંગ પધારો૦ ૭
કરશુ ધાશ કે પાનની ઝુંપડી, સુવા શાથરો તે ખુચે અં
ગ; એમાં શો ઊમંગ. પધારો૦ ૮
વનમાં હીરનાં ચીરતો નહી મળે, વનમાં નહી મળે ફરતાં
ફુલેલ કે તેલ ધુપેલ. પધારો૦ ૯
વનમાં નહી મળે શાશી શાહેલીઓ, કરશુ કેશંગ ખાંત
થી એલ. ઉમંગ ભરેલ. પધારો૦ ૯
વનમાં ઘાતકી રહેછે રાક્ષશ ઘણા, ચારે તરફ ફરેછે બહુ
ચોર. જેનું ઘણુ જોર. પધારો૦ ૧૦
વનમાં વાઘ વરૂને વાંદર જેવા, ઘણા વીચરે જનાવર ઘોર
બચે નહી ઢોર. પધારો. ૧૨
ઉન્હાળે વાશે ઊના વાયરા, એવું દેખીને થાશો ઉદાશ કે
જ્યારે જેઠ માશ; પધારો૦ ૧૩
વરસે મેઘને ઝબકશે વીજળી. તેવે ટાણે તો તરૂ તળે વા
શ નહિ છાપર પાશ, પધારો. ૧૪
મોટા પરવત દેખીને માનની, તમે નજરે જોયા નહિજાય
દીઠે ખાધા ધાય. પધારો૦ ૧૫
તમે રાજ કન્યા કાયા કોમળી, વનવાશના દુખ ન વેઠાય
કાયા કરમાય. પધારો૦ ૧૬
ઘરમાં અંધાર દેખી ડરો ઘણું, નથી નીકળયાં કદી બહાર
બાર છો નાજુક નાર, પધારો. ૧૭
તમે બાળક વય વરશ શોળનાં, નથી શંકટ વેઠયાં લગાર
તમે કોઇ વાર, પધારો૦

પરણી આવીને પીયરમાં ગયાં નથી, તમને મળવાને ઇછેછે
માય ઓગે ચીત આય, પધારો. ૧૯

રાજા જનકજી તમને ઝંખે ઘણા, તેના સંદેશા આવે સદા
ય, તેડાં પાછા જાય. પધારો૦ ૨૦

ભાતભાતના ભોજન ભાવતાં. તમને મોકલે મહિપાળ પુ
રાવીને થાળ. પધારો૦ ૨૧

અમે આવવે ફરીને જયારે આવશું, સ્નેહે લેશું તમારી
સંભાળ. તારે તતકાળ પધારો. ૨૨

રૂડી મીથીલાપુરી મનગમતી, તેમાં પામશો પરમ વીરામ
છે બાપનું ગામ. પધારો૦ ૨૩

ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામને શામ
કહે રાજા રામ. પધારો૦ ૨૫

શીતાજીના જવાબનું ધોળ. ગરબી ૩૧

એવું સાંભળીને શીતાજી કહે, સુણો સુંદર સ્યામ સુજાણ
પ્યારા મારા પ્રાણ. સાથે રાખો સ્નેહથી,

જુદા પડવાની વાત વાલા કહો, તેતો બોલ લાગે તીખાબા
ણ; રઘુકુળ ભાણ. સાથે૦ ૨

સ્વામી જયાં તમે તાં ઘર માહરૂ, તમથી વેગળી તે પરદે
શ, હું જાણું હમેશ. સાથે૦ ૩

તમે જોગીનો વેશ જો ધારશો. તો હુ જોગણનો ધરીવે
શ, જટા કરૂં કેશ. સાથે૦ ૪

સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુખમાં તો દુ
ખ માહરે દેહ, એમાં શો સંદેહ. સાથે૦ ૫

જે કોઇ પરણા પછી રહે પીયરમાં અવતાર બળો ધીક એ
[illegible] સાથે૦

સ્વામી તમ વીના મંદીરને માળીઓ. ભાસે પરવત ભોમ
શમાન, વસતીતો વેરાન સાથે૦ ૭

મહા વનમાં ભરી વસતી ભાસશે. જ્યારે પામીશ દરશનદા
ન, કૃપાના નીધાન. સાથે૦ ૮

સ્વામી શુ કરૂ ભાઇ ભોજાઇને, સ્વામી શુ કરૂ સઇઆર સા
માજ; કેનુ નથી કાજ. સાથે૦ ૯

સાશુ સસરાને માત પીતા સહુ, ભલે જીવો રૂડાં કરો રા
જ, મને મહારાજ. સાથે૦ ૯

સાચુ શગપણ જગમાં સ્વામી તણુ, બીજો સ્વારથી સઘ
ળો સંસાર, કુટંબપરીવાર. સાથે૦ ૧૦

મારા બાલ પાલન તમે લાલજી, બીજો નથી આંસુનો લુ
નાર, કે એક આધાર, સાથે. ૧૧

કાયા પ્રાણ થકી જો જુદી રહે, તો હુ તમથી જુદી પડી
છેક; રહુ તજી ટેક. સાથે૦ ૧૨

જો કોઇ જળથી જુદી પડે માંછલી, રાખે દુધમાં કરી વી
વેક. જીવે પળ એક; સાથે૦ ૧૩

તમે સુખના શાગર રહ્યા વેગળા, પછે શુ કરૂ રાજને પાટ;
હવેલાના ઠાઠ સાથે૦ ૧૪

મને હીરના ચીર ગમે નહી, મને ન ગમે ગરાણાના ઘાટ;
મરાડો ઊચાટ. સાથે૦ ૧૫

હુતો તમને દીઠે થઉ દેખતી. આણુદીઠે તો આંધળી ભીત
જનમની એ રીત. શાથે૦ ૧૬

મેંતો સ્નેહ તોડો સરવ લોકથી. બાંધી તમ સંગે પુરણ પ્રી
ચોરાયુછે ચીત. સાથે૦

જમવું જીવન તમથી જુદા પડી, હોય વીવીધનાં પકવાન
તે વીખ સમાન; સાથે૦ ૧૮

કરીએ ભોજન તમ શાથે ભાવતાં, હોય કેવળ શાક કે પા
ન. તે મેવા શમાન. સાથે૦ ૧૯

સ્વામી તડકાને તાપ વનશાખના, તેતો જાણીશ ચંદર પ્રકા
શ. રહે તમ પાશ. સાથે૦ ૨૦

મુજને મેલી જો પંથ પધારસો, આવી મળવાની ન ધ
રશે આશ, નકી પામુ નાશ. શાથે૦ ૨૧

કરતી વાત ઢળી પડી ધરણીએ, નારી જાનકી થઈ નીરાશ
કહે લેતી સ્વાશ. શાથે૦ ૨૨

દયા કરી દેવ દલપતરામને. સતી શીતાને દેખી ઉદાશ. જ
તાં વનવાસ. સાથે૦ ૨૩

સુધરેલી સ્ત્રી વીશે ગરબી. ૩૨ મી.

સેડ 'સગાળશા સાધુને શેવે,' એ રાગ.

જેને સુધરેલી નારીરે; શદા સુખી તે શંશારીરે; ટેક
નીરમળ નમાણું દીશે નીરંતર, નેહ ભરેલાં નેણ;
મનને હરે એવાં મુખથી ખરંતા વીણીને લઈએ વેણ. જે.
સ્વામીના ચીતમાં શોક કે ચીંતા, જો જાણે લવલેશ
હેતે હશાવીને હીમત આપે, કાપે શમુળો કલેશ. જેને૦
પુછીને જોતા પયારા પતીને. જો મરજી ન જણાય;
પરઘેરતો શાનુ પગલુજ માંડે. પીએર પણ નવ જાય. જેને૦
વરજીના મનની મરજી પ્રમાણે. કામ શદા કરનાર;
આગશાળીના શાહ, સરજી શરજન હાર.

નહી તેહ

મેલ વીનાનું મન પણ નીરમળ, નીરમળ દીશે દેહ, જેને૦
આપે પ્રભુ એવા વડભાગી; પામે પુરો શંતોશ.
શંકટમાં પણ શવામીની શાથે, રોસ ન રાખે રોશ;
ગામમાં હોય ગરીબ પોતાથી, તેનુ જુવે સુખે તોલ.
દોલતવાળાની દોલત દેખી, બોલે ન હલકા બોલ; જેને
શવામીને શુધ સ્વભાવ ગમે મન, રાચે સ્વામીને રૂપ;
પરપતીને તો પથર જેવા જાણે, હોય જો ભારે ભુપ; જેને.
શાંભળે શબદ શીખામણના, તે જીવમાં ચોટી જાય;
દુરગુણ દેખીને દુરથી નાશે. સદગુણ શીખે શદાય; જેને૦
આળશ ઊંઘ અતીશે ન દીશે, દીશે ઊદયોગી અંગ;
ગંદકાતો જેને દીઠે ન ગમે, ન ગમે નઠારો શંગ. જેને૦
સ્નેહ વધારે ને શોક ઘટાડે. લોકમાં પામે લાજ,
એવી મળે જો આ દુનીઆમાં, શવરગ ઇછે શા કાજજેને
પુરાણ પુનથી પુરૂશ પામે. નઉતમ એવી નાર;
રૂપલતરામ કહે દુનીઆમાં, ધન એનો અવતાર. જેને૦

વહેમ તજવા વીશે ગરબી ૩૩

જે કોઇ અંબીકાજી માતને આરાધશેરે લોલ, એ રાગ
સુણો શીખવા વીવેક એક વાતડીરે લોલ,
છુટે મુરખાણ્ છેક ખુલે છાતડીરે લોલ, ૧
ગુથયા ગુણ ભરેલા ગ્રંથ ભણો ભાવથીરે લોલ;
પામો સ્ત્રિ સતીના પંથ તે પ્રભાવથીરે લોલ; ૨
તજો વહેમ ભરી વાત વહેમીએ કહીરે લોલ;
: પ્રેતને પીશાચ સાચછે નાહીરે લો...
ચીઠી મ...

આશા તુચ્છકાની તંતરમાં ન આણજોરે લાલ. ૪
દેતા કામ કરે કામ દેવ દેવીઓરે લાલ;
ડેલ ઠામ ઠામ વાત એવીઓરે લાલ. ૫
કરી ભેખ વરખ કુલ ઠગે જોશીઓરે લાલ;
જુડા ઉજાણીને દંભ ઠગે રોશીઓરે લાલ. ૬
કઇક પુતર પુતરી કાજ ખતા ખાયછેરે લાલ;
તજી લાજ જોગી રાજ પાસે જાયછેરે લાલ. ૭
વસીકરણી વાતથી લુટાયછેરે લાલ;
ભોળિ ભામનીઓની જાત ઠગાયછેરે લાલ. ૮
ખરૂ માનીને ખચીત ચીત ચેતજોરે લાલ;
ધશે ગાવા હાવા ગીત હઇએ હેતજોરે લાલ. ૯
જશે ભુલ ભરયાં ભરમ ગરમ જાણશોરે લાલ
પાળવા પવીતર ધરમ ઇછા આણશોરે લાલ. ૧૧
ભજો રાજા ધીરાજ મહારાજનેરે લાલ;
સેવે કાજ વલી આજ પામો લાજનેરે લાલ, ૧૧
તજો તુછ જેવી ટેવ અહમેવતારે લાલ;
રીઝે દલપતરામનો દેવ દેવતારે લાલ. ૧૨

ક્રોધ વીસે ગરબી. ૩૪ મી.

નાથ કેસે ગજકો બંદ છોડયો. એ રાગ

કોઇપર કરોધ ન કરશો કદાપી અતી કરોધછે પાપી કોઇ
પર કરોધ ન કરશો (ટેક)
કરોધ કુબુધી અતી ઉપજાવે, સદા સુબોધને કાપી
વહાલા માંહી વીરોધ વધારે, સોધ સઘળો ઉથાપી, કોઇ
વિચારે, જયારે રીસ રહે વ્યા

મુખનું વચન ફરી મુખમાં ન પેસે; છાપ પટોળે છાપી કો૦ આપની સઘળી એ વીશરી. સુમતીઓ. કરોધ કુમતી જેને આપી, નહી કરવાના કામ કરી નર રોયાછેવનમાં વીલાપી કો૦ ૩

કરોધ ફરી ફરી પશતાયા જે હતા પરાઉ પ્રતાપી; દલપત રામ કહે દુનીઆમાં, ખ્યાતછે વાત સધાપી કો૦ ૪

ગીત ૩૫ મુ

છઇએ બોળામાં ખાલી પિચકી. છઇએ ઘેર ઘેર માગી દીકરી એ રાગનું.

જયારે સીતાજી પરણીને ઉઠયા તારે પોતાની બેહેનપણીને પોતાના હરખની જે વાત કહી તે વીશેનુ.

ઉઠયાં પરણીને જે સમે જાનકી,
વધો હઇયામાં હરખ્ખ વીવા થકી. ૧
મલી શાણી શાહેલીને સુંદરી;
બોલી બોલ અતોલ ખુશી ભરી. ૨
સખી સાંભળ કહુ એક વાતડી;
મારી આજ શીતળ થઇ છાતડી. ૩
મારો હરીવરે હાથ ઝાલીઓ.
મને અખંડ ચુડો એણે આલીઓ, ૪
વર પામી સુંદર વર વીઠલો;
મેતો કાને સુણો તેતો દીઠલો; ૫
મને પળ ન ગમે હવે પિયરમાં;
મારૂ મન મોહયુ શામ શરીરમાં. ૬
મલ્યો મને છેલ વાંકડો:

હવે શીદને ન રાખીએ આંકડો. ૭
વર પામી હુતો વરણાગીઓ;
મેં તો ભવો ભવ એ વર માગીઓ. ૮
મને મન ગમતુ મળુ શાશરૂ
હવે કશમ ધડક મનમાં ધરૂ, ૯
મારી એ શંગે જેણે શગાઈ કીધી;
એને આશીશા આપુ ફરી ફરી. ૧૦
ગુરૂને શીર નામુ લળી લળી;
મને પરણાવી એ વરને વળી; ૧૧
હવે મન ગમતાં સુખ માનીએ,
કેમ કોઈની શરમ દીલ આણીએ. ૧૨
મારે કસુર ન રહી કોઇ વાતની;
મારે માયા ટળી માત તાતની, ૧૩
મને માનીતી કરી હરી થાપશે;
હુતો જેજે માગીશ તેતો આપશે. ૧૪
મારે નીશરી ખાણ એ કરમની;
વાત મુરખ ન જાણે એ મરમની; ૧૫
પુન્ય પુરવે મેં કીધાં હશે ગણા;
તેણે પામી ચરણ પીઉજી તણાં, ૧૬
વરતદાન કરે જેને કારણે,
તેને પામી હુતો સુતી પારણે. ૧૭
હુતો કાશી કેદારમાં નવ ફરી;
હુતો ઘેર બેઠા એ વરને વરી, ૧૮
[illegible] કરૂ;

હુતો સુંદર વરની સાથે ફરૂ; ૧૯
મન માનસુછે દશરથ લાલમાં,
વર લખ્યા સુંદર મારા ભાલમાં; ૨૦
ભુલી દુરમતી દુરગુણી ટેવને,
પરણી દલપતરામના દેવને. ૨૧

રૂશણું તોડવા વીશે ગરબી. ૩૬

હુતો ઇશવરને પુજવા નીશરી લાલ;
ચોખા કંકાવટી વીશરીરે લાલ.
કહુ તે શખી તુ કોઇને કહીશમારે લાલ;
કાલે રહયાતા કંથ રીશમાંરે લાલ;
એક બોલ ન આવ્યો મારા ઉચારમાંરે લાલ,
તે ઘડીએ હુ પડી વીચારમાંરે લાલ. ૨
શાને માટે રીશાયો જાયો શાસુનોરે લાલ;
આંખે પ્રવાહ વહે આંસુનોરે લાલ. ૩
ખાન પાનને ભુલી હુ ગાનનેરે લાલ.
ભુલી શરીર કેરા ભાનનેરે લાલ. ૪
હાડ ફુલ થાય સુળ શરીરમાંરે લાલ;
હેત ગયુ તુટી હિર ચીરમાંરે લાલ;
મને શુળી સમાન લાગુ શાશરેરે લાલ,
સુજે નહિ જે હવે શુ કરૂરે લાલ. ૬
ચડયો ચાંદો આકાશે ભલા ભાગયનોરે લાલ;
ભડકો ઉઠયો તે જાણે અગનનોરે લાલ- ૭
મેના પોપટ બોલે સુખ મીઠડાંરે લાલ;
દુખમાં મે શતરૂ જેવા દીઠડાંરે

ભાસે વાડીતો ભયંકારશીરે લાલ;
આંખોના પાટા જેવી આરશીરે લાલ;
હુતો ઉઠી જઈ બેઠી દીવા આગળેરે લાલ,
કાંઇક પડી નજર તાં કાગળેરે લાલ, ૧૦
ક્યો બોધ તો સ્ત્રિબોધનુ ચોપાનીયુરે લાલ
વાચવા તે મારૂ મન માનીયુરે લાલ, ૧૧
ગરબી રૂશણુ તોડવાની રૂડા રાગનીરે લાલ;
ભાળી રૂપાળી છેલા ભાગમાંરે લાલ, ૧૨
લઇને ગાવા લાગી હુ જીમે જે ઘડીરે લાલ;
ત્યાંથી ઊઠીને આવ્યા તે ઘડીરે લાલ; ૧૩
હેત આણી વખાણી વાણી બોલીઆરે લાલ;
દીલીમાં હસીને ઘણુ ડોલીઓરે, ૧૪
જાણુ ધન ઘડીને ધન રાતડીરે લાલ;
છુટ્યો કલેશ ઠરી છાતડીરે લાલ. ૧૫
ભલ આવ્યો આકાશ ચડી ચંદ તુરે લાલ;
આપેછે આજતો આનંદ તુંરે લાલ. ૧૬
એમ સ્ત્રીબોધથી બોધ ઊપજ્યોરે લાલ;
ભાઇરે કવિ તારૂ ભલુ થજોરે લાલ. ૧૭
ગરબી સાંભળીને રાખસે જે રૂશણુરે લાલ;
પાપ તેના માથે પ્રથવી તણુંરે લાલ. ૧૮
એમાં બુધી વીશેશ વાળુ જે હશેરે લાલ,
નગત તે અબોલા તજી બોલશેરે લાલ. ૧૯

નાવે વળીરે લાલ

નથી વશવું મળીને વરશ શો બસેરે લાલ;
પંખીના માળાની પેઠે તે થશેરે લાલ. ૨૧
નહીં ક્યારે કલેશ લેશ લીજીએરે લાલ;
પારથી પેમરસ પીજીએરે લાલ. ૨૨
માહારાજા ધીરાજ તેથી રીજશેરે લાલ;
નહીંતો ખરેખરા તે ખીજશેરે લાલ, ૨૩
રૂદે રાખો રૂડા દલપતરાગનેરે લાલ;
કોટી પ્રકારે કેણુ કામનારે લાલ. ૨૪

ગરબો ૪૦

ઉદેપુરના રાણાનો કેફ કરવા વીશે

થાયછે કેફ કીધાથી દુખ કહુ તે કેટલુરે લાલ.
સઘલુ જાય સમુળુ સુખ જગમાં જેટલુરે લાલ,
મરવું મોત વીનાનું થાય કે. કેફ કીધા થકીરે લાલ;
ભાઇરે જગમાં લજ્યા જાય, તમે જાણો નકીરે લાલ,
વળી એક કહુંછુ તેની વાત, સુણી વિચારજોરે લાલ
હેત ધરીને દીન રાત હઇઆમાં ધારજોરે લાલ.
જેથી દુખ થયુ એકવાર તો દુર સઘળુ થશેરે લાલ;
ગયો દીન ખાય માર કે, તેએ તાં જશેરે લાલ;
છે એક મોટુ ઊદેપુર ગામ, માર દેશમાંરે લાલ;
રાણો રાજ કરે તે ઠામ કે, બાલેવેશમાંરે લાલ.
કેફ કીધાનો નીત સ્વભાવ, કુવરજીને ઘણોરે લાલ,
નારી પાંચ તણો એ નાવ રૂડા રળીઆમણોરે લાલ.
એક દીન કેફ કીધી ભુપાળ મળી
તે રંગ

ાણુ ઘણી માઠી થશેરે લાલ;
વધુ પુરજનને જાણુ, કે ધીરજ નવ રહીરે લા
વરત્યો પુરમાં હાહાકાર, રૂવે નર નારીઓરે લાલ,
કેફને બાહુ કીધો ધીકાર જેણે નર મારીઓરે લાલ;
જગમાં બાહુ બાપનો નર જેહ વીના મોતે મુઓરે લાલ
કેફ કીધાના છે ફળ એહ, વીચારીને જુઓરે લાલ.
રાણો ગુણ રતનના તુલ, જેણે મરવા સમેરે લાલ;
કીધું કેફ અમારે કુળ કદી ન કરો તમેરે લાલ.
એ અવસરથી તે દીન આજ, ઉદેપુર ગાદીએરે લાલ
મદીરા કેફ તજે માહારાજ કદી નવ પીએરે લાલ.
જગમાં જે નર ચતુરસુજાણ સુણી વીચારશેરે લાલ
અકલ હીણા પુરૂષ અજાણ સુણી વીસારશેરે લાલ,
જે જન જે લજયા ખોનાર કે કેફ કરે સહીરે લાલ
તે જણનારીને ધીક્કાર. પથર જાયો નહીંરે લાલ;
કાપડાં ધોવા આવત કામ. ભલા ઊપકારમાંરે લાલ;
ઠાલું કીધું જીવત હરામ, કશો નહીં સારમાંરે લાલ
એવો કોણ અભાગી હોય કે; મુખ કાળુ કરેરે લાલ;
છોડી ઘી સાકર રસ કોઇ, અમલ મુખમાં ધરેરે લાલ
એછે હલકા જનનું કામ, જેને લજયા નહીંરે લાલ;
ઊચો વરણ ન લેવે નામ, મદીરાનું કહીરે લાલ;
ફીટરે નર કરનારા કેફ, કે નફટ તું થયોરે લાલ,
કેફ કીધાની સાથે રોગ, સચેત સરીરમાંરે લાલ.
ફરી નહીં આવે એવો જોગ, અંતર પીડમાંરે લાલ;
શીક્ષા સહુ કોઇ ધરજો કાન, દલપતરામનીરે લાલ;
સુજાણ. તેના કામનીરે લા

પરભાતીયું

ઉઠની ઉઠની ઉઠની દીકરી
કાં ધરે આશ નાશ માંહી.
એમ વાણી વદી પુત્રીની માત કહે,
ઊઠરે ઉઠરે ઉઠ ડાહી.
કાળ વહી જાયછે દંત ધાવણ તણો,
થાયછે દુખ પ્રકટ સુઈ રહેતાં;
દંત ધાવન કરી સ્નાન કર ચાળથી,
ભજ પછી ઇસ્ટ તાન સહીતાં.
કર જરા હાજરી ઉદરની રચી થકી;
કર પછી પાઠ તાહરો.
પાઠ કર ચીત દઈ; તજ રમત સ્વરત થઈ,
જન્મના જન્મનો જાય મારે;
જે ભલી બેહનીયો એમ નામ આચરો;
તે બને શરેસ્ટ શઉ સુખ સાથે;
જે રમે રમતમે તે ભમે ભરમ ગમે.
તેને અંત આવકાશમે દુખ માથે.
દાસ મોહન કહે જ્ઞાન ત્યાં દુખ નહીં,
એમ સત સુચના જાણ પારી;
જા હવે ગુરૂ કને સમજ કાંઈ વાતને,
ચપળ ચીત રાખજે બેહન મારી.

समाप्त.